PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/ક્વા–૦૨/૧૭–૧૮/ ૬૭૭૮ તા. ૧૧/૦૮/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
પટેલ પ્રેમજીભાઈ ભીખાભાઈ,
C/O, પટેલ જયેન્દ્ર ગણેશભાઈ,
ગામ: ક્રોયબા
તા. હળવદ
મો: ૯૮૨૫૯ ૪૨૦૨૩

**વિષય :–નવા ખેતીવાડી વીજજોડાણ બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૪–૦૭–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૫/ક્વા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, હળવદ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વીભાગીય કચેરી,હળવદ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com


કેસ નં. : સીજીઆરએફ : ૨૫/ક્વા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૦–૦૮–૧૭ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: પટેલ પ્રેમજીભાઈ ભીખાભાઈ, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે જયેન્દ્રભાઈ ગણેશભાઈ પટેલ હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વીભાગીય કચેરી,હળવદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, હળવદ)**

**રજુઆત કરનાર : વાય.જી. બેલીમ – ડી.વાય.એસ.એ. – શહેર પેટા વિભાગીય કચેરી, હળવદ**

---

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેતીવાડી વીજજોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧** | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓના કોયબા ગામ ખાતેના ખેતીવાડી સર્વે નંબર : ૨૪૧/૨ પૈકી ૩ મા આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.:૨૫૪૧૦/૦૦૬૯૦/૯, જે પ્રથમ થી જ ૩૦ હોપા ના કરારીત વીજભાર વાળુ છે. આ જોડાણ મા તેઓએ વીજભાર વધારો મેળવવા માટે ની કોઈ અગાઉ ની વિધીસર ની અરજી આપી અને વીજભાર વધારો મંજુર કરાવેલ ન હોવા છતા, પીજીવીસીએલ તરફથી એક તરફી કાર્યવાહી કરીને, તેઓના સદર ૩૦ હોપા ના કરારીત વીજભાર વાળા જોડાણ મા, ૧૦ હોપાનો વીજભાર વધારો આપી, અને જોડાણ ને કુલ ૪૦ હોપાના કરારીત વીજભાર વાળુ કરી, અને તે મુજબ – ૨૦–૨૦ હોપા ની બે મોટરો ચલાવવા માટે ની મંજુરી પણ આપેલ છે. અને તે મુજબ, આ જોડાણ મા, ૩૦ હોપા ને બદલે ૪૦ હોપાની ગણતરી મુજબ નુ બીલીંગ પણ ચાલુ કરાયેલ છે. અરજદાર સ્પષ્ટતા સાથે જણાવે છે કે, તેઓના સીચાઈવાળા સ્થળ ની ક્ષમતા, અને બોર ની ઉંડાઇ ની ક્ષમતા મુજબ, તેઓ શ્રી ને સદર જોડાણ મા, ૩૦ હોપા સુધી ની મોટર ચલાવવા પુરતી જ જરૂરીયાત છે. ૪૦ હોપાની મોટરો ચલાવવાની જરૂરીયાત નથી. જેથી, પીજીવીસીએલ તરફથી કરાયેલ સદર કાર્યવાહી એક તરફી, ગેરવ્યાજબી અને અન્યાયકારક હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના, તેમના કોયબા ગામ ખાતેના ખેતીવાડી સર્વે નંબર : ૨૪૧/૨ પૈકી ૩ મા આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.:૨૫૪૧૦/૦૦૬૯૦/૯ – જે પ્રથમ થી જ ૩૦ હોપા ના કરારીત વીજભાર વાળુ હતુ. આ જોડાણ મા તેઓએ ૧૦ હોપા નો વીજભાર વધારો મેળવી, અને જોડાણ ને કુલ ૪૦ હોપાના કરારીત વીજભાર વાળુ કરવા માટે ની તા.૨૮–૦૮–૧૪ ના રોજ, વિધીસર ની અરજી, જે રૂ.૨૦૦/– નોંધણીચાર્જે, જે રસીદ નંબર: ૮૬૧૦૮ તા.૦૯–૦૯–૧૪ થી આપેલ હતી. અને તેના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ને તા.૧૮–૦૯–૧૪ ના રોજ, સદર ૧૦ હોપા ના વીજભાર વધારા ની મંજુરી નુ રૂ.૮,૨૦૬/– નુ ભાવપત્રક અપાયેલ હતુ. તેની રકમ, અરજદારે તા.૧૬–૧૦–૧૪ ના રોજ ભરપાઈ કરી અને તા.૧૬–૧૦–૧૪ ના રોજ ટેસ્ટ રીપોર્ટ, જે રૂ.૨૦/– ફી ભરપાઈ કરી અને રજુ કરેલ હતો. જેથી, પીજીવીસીએલ તરફથી, સદર જોડાણ ને, કુલ ૪૦ હોપાના વીજભાર કરારીત વીજભાર વાળુ કરવામા આવેલ હતુ. આ તમામ બાબતો, જે પીજીવીસીએલ ની સબંધક કચેરી મા ઉપલબ્ધ રહેલ રેકર્ડ મુજબ ની જ છે. ફરીયાદી અરજદાર શ્રી ને, સબંધક કચેરી ના જવાબદાર ઈજનેર તરફથી, સદર હકીકત થી વાકેફ કરવામા આવતા, ફરીયાદી અરજદાર શ્રી, કે જેઓ, તેમની ખુદ ની મંજુર કરાયેલ એવા ૧૦ હોપા ના વીજભાર વધારા ની અરજી અન્વયે ને જ, હાલ ના તબ્બકે નુ જોડાણ ૪૦ હોપાના કરારીત વીજભાર વાળુ થયેલ હોવાની, તેમજ તે મુજબ જ સદર જોડાણ મા, ૩૦ હોપા ને બદલે ૪૦ હોપાની ગણતરી મુજબ નુ બીલીંગ પણ ચાલુ રહેલ હોવાની બાબત ને, અરજદાર શ્રી એ રાજીખુશી થી માન્ય રાખેલ છે. આમ, પીજીવીસીએલ તરફથી તેમના |

| | |
|---|---|
| | જોડાણ મા કરાયેલ એવી ૪૦ હોપાના વીજભાર વાળુ કરાયા હોવાની બાબત અરજદાર શ્રી એ, તેમના તા.૦૪–૦૮–૧૭ ના લેખીત સંમંતીપત્ર હેઠળ માન્ય રાખી, અને હવે સદર બાબતે તેમને કોઈ ફરીયાદી રહેતી ન હોવાની સંમંતી પણ આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદી નુ પીજીવીસીએલ તરફથી નિરાકરણ થયેલ છે. |

<u>મુદદા નં.–૩ :</u> : <u>નિષ્કર્ષ</u> :

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ અરજી બાબતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની કાર્યવાહી, જે તેમના ખેતીવાડી વીજજોડાણ મા, હાલ ના તબ્બકે, જે ૪૦ હોપાના કરારીત વીજભાર ના દરજ્જા હેઠળ નુ બીલીંગ થયેલ હોય, તે પીજીવીસીએલ ની કાર્યવાહી, જે નિયમાધીન હોવાનુ અરજદાર શ્રી એ, તેમના તા.૦૪–૦૮–૧૭ ના લેખીત સંમંતીપત્ર હેઠળ માન્ય રાખેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની ફરીયાદ નુ અરજદાર શ્રી ના તા.૦૪–૦૮–૧૭ ના લેખીત સંમંતીપત્ર હેઠળ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.